# ત્રણ પ્રશ્નો

**– લિયો ટોલ્સ્ટોય**

એક રાજા હતો. એક વખત તેના મનમાં વિચાર આવ્યો કે જો એ ત્રણ પ્રશ્નોના જવાબો જાણે તો ક્યારેય નિષ્ફળ નહિ જાય. આ ત્રણ પ્રશ્નો હતા...

(૧) કંઈક કાર્ય શરૂ કરવા માટેનો સાચો સમય કયો ?

(૨) કઈ વ્યક્તિ તેના માટે મહત્ત્વની છે ?

(૩) તેના માટે કઈ વસ્તુ કરવી ખૂબ જ અગત્યની છે ?

રાજાએ આ પ્રશ્નોના જવાબો મેળવવા પોતાના સંદેશવાહકોને ચારેય દિશામાં મોકલ્યા અને તેમની સાથે કહેવડાવ્યું કે જે કોઈ આ ત્રણ પ્રશ્નોના સાચા જવાબો આપશે તેને પુષ્કળ ધન ઈનામમાં આપશે.

ઘણા વિદ્વાન અને ચતુર વ્યક્તિઓ રાજા પાસે આવ્યા પરંતુ દરેકે આ પ્રશ્નોના જુદા જુદા જવાબો આપ્યા. તેઓએ રાજાની મુંઝવણ વધારી દીધી. રાજાને કોઈના પણ જવાબથી સંતોષ ન થયો. આખરે તેણે કોઈ એકાકી અને સાદુ જીવન જીવતા કોઈ સાધુને પૂછવાનું નક્કી કર્યું, કે જે તેના રાજ્યમાં ખૂબ જ જાણીતા હતા.

આ સાધુ જંગલમાં જ  રહેતા હતા. તેઓ સાદગીભર્યું જીવન જીવતા લોકોને જ મુલાકાત આપતા. તેથી રાજાએ સામાન્ય કપડાં પહેર્યાં અને સાધુ પાસે પહોંચતા પહેલાં તેણે પોતાનો ઘોડો અંગરક્ષકો સાથે પાછો મોકલી એકલો જ ચાલવા લાગ્યો.

રાજા સાધુની ઝૂંપડી તરફ આવતો હતો ત્યારે તેણે સાધુને પોતાની ઝૂંપડી આગળ જમીન ખોદતો જોયો. તેણે રાજાને આવકાર આપ્યો પણ ખોદવનું કામ ચાલુ રાખ્યું. આ સાધુ ખુબ જ ઉંમરલાયક અને શારીરિક રીતે નબળો હતો. કામ કરતાં કરતાં તે હાંફતો હતો. રાજા તેની પાસે ગયો અને કહ્યું કે ''મારે ત્રણ પ્રશ્નોના જવાબો આપની પાસેથી જોઈએ છે''. સાધુ સાંભળતો રહ્યો અને પોતાનું કામ કરતો રહ્યો. કંઈક પણ બોલ્યો નહિ. રાજાએ તેને પૂછ્યું હતું કે 'યોગ્ય સમયે યોગ્ય કામ કરવાનું હું કેવી રીતે શીખી શકું ? એવા કયા લોકો છે કે જેની મારે ખૂબ જ જરૂર છે ? અને જીવનમાં સૌથી મહત્ત્વનું કાર્ય કર્યું ?

છતાં સાધુએ જવાબ આપ્યા સિવાય કયારા ખોદવાનું ચાલુ રાખ્યું. રાજાએ કહ્યું, ''તમે થાક્યા છો. લાવો હું પાવડો લઈ તમારા બદલે કામ કરું.'' ''આભાર'', સાધુએ કહ્યું અને રાજાને પાવડો આપ્યો. સાધુ જમીન પર બેસી ગયો. રાજાએ જ્યારે બે ક્યારા ખોદવાનું પૂરું કર્યું ત્યારે ફરીથી તેણે પેલા

પ્રશ્નો પૂછ્યા. સાધુએ કોઈ જવાબ ન આપ્યો પણ ઊભો થઈ ગયો અને રાજાને કહ્યું ''હવે તું આરામ કર. મને કામ કરવા દે.'' પણ રાજાએ સાધુને પાવડો ન આપ્યો, કામ ચાલુ રાખ્યું.

એક કલાક થયો, બે કલાક થયા. સૂર્યાસ્ત થવા આવ્યો. આખરે રાજાએ પાવડો જમીન પર પછાડયો અને કહ્યું ''શ્રીમાન, હું આપની પાસે મારા પ્રશ્નોના ઉત્તરો માટે આવ્યો હતો. તમે મને કંઈ જવાબ નહિ આપી શકો એવું કહી દો એટલે હું પાછો ચાલ્યો જાઉં.

સાધુએ કહ્યું, ''જો, અહીં કોઈ દોડતું આવી રહ્યું છે.''. રાજાએ પાછા ફરી જોયું તો એક દાઢીવાળો માણસ તે તરફ આવતો હતો. તેણે બેય હાથે પેટ દબાવી રાખ્યું હતું. ત્યાંથી લોહી વહી રહ્યું હતું. જેવો તે રાજા પાસે પહોંચ્યો કે તરત જ બેભાન થઈ જમીન પર પડી ગયો. રાજાએ અને સાધુએ તેના પેટ પર મોટો ઘા થયેલો જોયો. રાજાએ ઘા સાફ કર્યો અને પોતાનો રૂમાલ ત્યાં બાંધી દીધો પરંતુ લોહી નીકળવાનું બંધ નહોતું થતું. રાજાએ લોહી બંધ ન થાય ત્યાં સુધી તેનું ડ્રેસીંગ કરે રાખ્યું. પેલો માણસ ભાનમાં આવ્યો. હવે તેને સારું લાગતું હતું. તેણે પાણી માગ્યું. રાજાએ પાણી લાવી આપ્યું. આ પરિસ્થિતિમાં સૂર્યાસ્ત થઈ ગયો. રાજા અને સાધુએ પેલા માણસને ઝૂંપડીમાં સૂવાડયો. તે ઘસઘસાટ ઊંઘી ગયો. રાજાને પણ ચાલ્યાનો અને કામનો થાક લાગ્યો હતો તે પણ ઊંઘી ગયો.



જ્યારે રાજા જાગ્યો ત્યારે વીતેલી પરિસ્થિતિ યાદ આવી. પેલા દાઢીવાળા માણસે કહ્યું, ''માફ કરજો''. રાજાએ કહ્યું, ''એમાં માફી માગવા જેવું કંઈ નથી. પેલો માણસ બોલ્યો, ''તું મને નથી જાણતો પણ હું તને ઓળખું છું અને મારા ભાઈને મારી નાંખવા બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે. 'હું

જાણતો હતો કે તું એકલો સાધુને મળવા જાય છે. અને મેં નક્કી કરી લીધું કે હવે તને ખતમ કરી નાંખીશ. મેં સંતાઈને તારા પાછા ફરવાની રાહ જોઈ પણ ઘણો સમય થવા છતાં તું આવ્યો નહિ એટલે હું બહાર નીકળી સાધુની ઝૂંપડી તરફ આવતો હતો ત્યાં જ તારા અંગતરક્ષકોએ મને ઓળખી લીધો અને ઘાયલ કરી દીધો. જેમ તેમ કરી હું દોડયો. હું મરી જ જાત જો તેં મને પાટાપીંડી ન કરી હોત તો. મને માફ કરી દો. હું આખી જિંદગી તમારી સેવા કરીશ.''

રાજાને દુશ્મન સાથે શાંતિસંધિ થયાનો આનંદ થયો. તેણે તેને તેની સંપત્તિ પાછી આપી દેવાનું વચન આપ્યું અને રાજા સાધુની ઝૂંપડી તરફ વળ્યો. જોયું તો પેલો સાધુ ક્યારામાં નીચો નમી બીજ રોપી રહ્યો હતો. રાજાએ ફરીથી પ્રશ્નોના ઉત્તરોની ભીખ માંગી.''

''તને ક્યારનાય જવાબો મળી ગયા છે.'' સાધુએ રાજા સામે જોતાં કહ્યું. સાધુ બોલ્યા, ''જો, તું ક્યારા ખોદવાને બદલે જતો રહ્યો હોત તો પેલાએ તને ઘાયલ કરી દીધો હોત. મારા પર દયા લાવી તેં મારી સાથે કામ કર્યું. તું બચી ગયો. તું ક્યારા ખોદતો હતો તે મહત્ત્વનો સમય હતો અને તારા માટે હું મહત્ત્વનો માણસ હતો અને મારું સારું કરવા તેં મદદ કરી તે તારા માટે મહત્ત્વનું કાર્ય હતું. યાદ રાખો, એક જ સમય મહત્ત્વનો છે અને તે છે 'હમણા'. એ વખતે તમારી પાસે રહેલ વ્યક્તિ જ મહત્ત્વની છે કારણ તમને ખબર નથી કે તેને ભવિષ્યમાં મળાશે કે કેમ ? અને મહત્ત્વનું કાર્ય છે બીજાનું ભલું કરવું કારણ કે એટલા માટે જ ભગવાને આપણને આ દુનિયામાં મોકલ્યા છે.''

■